જુનામાં જુનુ એટલે..
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બાસ બેન્ડ
લેડીઝ ટેમજ જેન્ટ્સ સીંગર સાથે
-: સરનામું :-
ચાંદની ચોક, અમરેલી
ઝનકાર બાસ બેન્ડ
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪

અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૭-૧૨-૨૦૨૪ મંગળવાર

અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૯,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૧ માગશર વદ ૨ વર્ષ : ૩૦ અંક ૧૦૨

અવધ હેરિટેજ રીસોર્ટમાં આપનું સ્વપ્ન થશે સાકાર...
આપના શુભ પ્રસંગો ઉજવો અવધ હેરિટેજ રિસોર્ટમાં

લગ્ન પ્રસંગ માટે ૧ દિવસનું પેકેજ માત્ર રૂા. ૧,૮૦,૦૦૦/-

વહેલા તે પહેલાના ધોરણે બુકીંગ માટે આજે જ સંપર્ક કરો
સંજયભાઇ : મો.૯૯૯૮૩ ૨૭૭૭૬ તૃપેશભાઇ : મો.૯૭૧૨૭ ૫૦૨૦૮
મેરેજ પેકેજ
મેઇન ગેટ - મેઇન એન્ટ્રી - ગ્રાઉન્ડ લાઇટ - LED પાર લાઇટ - લેધર સોફા
કવર સાથે ચેર - સેલ્ફીઝોન - ૬૨ KV જનરેટર - મંડપ તથા લાઇટ ડેકોરેશન સાથે
KB GROUP
અવધ હેરિટેજ રીસોર્ટ
Avadh HERITAGE RESORT
"One step close to paradise"
અમરપુર વરૂડી, તા.જી. અમરેલી મો.૯૪૦૮૧ ૯૧૦૦૦, (૦૨૭૯૨) ૨૯૯ ૨૯૮

કોન્ટ્રાક્ટ અપાયા છતા ગુણવત્તાનાં ધોરણે કામો ન કરનાર એજન્સીઓ સામે દાખલારૂપ કાર્યવાહી

રોડનાં નબળા કામો સામે શ્રી મહેશ કસવાળા લાલઘુમ : કાર્યવાહી

કુંડલાથી નાના ભમોદરા, વીરડી, નેમીનાથ સહિતનાં કામો અધુરા કરનાર અર્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એજન્સી બ્લેક લિસ્ટેડ : બેંક ગેરંટી અને ડિપોઝિટ જપ્ત કરવા નિર્ણય

એજન્સી દ્વારા ધાર, પીયાવા, આદસંગ, ઘનશ્યામનગર સહિતનાં વિસ્તારોમાં અધુરી કામગીરી માટે ધારાસભ્ય શ્રી મહેશ કસવાળાને ગ્રામજનો દ્વારા રજુઆતો કરાયેલ હતી

સાવરકુંડલા, (સૌરભદોશી)સાવરકુંડલા લીલીયા વિધાનસભામાં વિકાસના કામોની વણઝાર સાથે ગામડાઓનો વિકાસ ઝંખતા ધારાસભ્ય મહેશ કસવાળા હંમેશા ગુણવતા અને સારી ક્વોલિટીના કામો થાય તે માટે સતત જાગુતતા સાથે દેખરેખ ને મોનીટરીંગ કરતા હોય છે ત્યારે નબળી ગુણવત્તાના કામો અને કામો પ્રત્યે લાપરવાહી દાખવતી કોન્ટ્રાક્ટ એજન્સીઓ સામે પણ કડક હાથે કામગીરીઓ થાય તે અંગે ધારાસભ્ય મહેશ કસવાલા કર્તવ્યનિષ્ઠા સાથે કરતા આવ્યા છે ત્યારે આધારભુત માહિતી સાથે મળતા સમાચાર મુજબ સાવરકુંડલા અને લીલીયા તાલુકાના સાથે નિષ્ક્રિયતા દાખવતી અમદાવાદની અર્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એજન્સી સાવરકુંડલા તાલુકાના જીલ્લા પંચાયત હસ્તકના રસ્તાના કામોમાં સાવરકુંડલાથી નાનાભમોદ્રા, વીરડી - નેમીનાથ ના રસ્તાની કામગીરીઓ ઘણા સમયથી કરેલી ન હોય ધાર - પિયાવા, આદસંગ ઘનશ્યામનગર રસ્તાની અધૂરી કામગીરીઓ અંગે સ્થાનિકોની ઉગ્ર રજૂઆતો ધારાસભ્ય મહેશ કસવાલાને ધ્યાને આવતા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓને આ અંગે કડક હાથે કામગીરીઓ એજેન્સી સામે કરવાની સૂચના મળતા માર્ગ અને મકાન વિભાગ દ્વારા કામમાં બેદરકારી સાથે અધૂરા કામો

(અનુ. પાના નં.૭)

ગ્રામીણ માર્ગો બનાવવામાં લાપરવાહી

લીલીયાનાં ખારા પાસે વિજ લાઇન પક્ષીઓ માટે મોતની લાઇન બની

કુતાણાથી ગુંદરણ જતી સોલાર લાઇનો પક્ષીઓ માટે ઘાતક

અમરેલી,લીલીયાનાં ખારા ગામે

નીકળેલી કુતાણાથી ગુંદરણ જતી સોલાર લાઈન પર વારંવાર પક્ષી ઓ તાર સાથે ચોંટી જતા અનેક પક્ષીઓ મોતને ભેટ્યા છે વારંવાર રજૂઆત છતાં કોઈ ઉપાય નથી થતો તેમ ખારાનાં ઉપસરપંચે જણાવ્યું છે.

આપની સેફટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઈ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઈ વરના...(૪ સીટર)
હુંડાઈ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C

જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઈ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઈન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
LIC
સતત 5th Times C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮

Ramdev SINCE 1965
INSTITUTIONAL SPECIAL
હોટેલ, રેસ્ટોરન્ટ, કેટરિંગ, કેન્ટીન, નમકીન, ફરસાણ અને ફાસ્ટ ફૂડના વ્યવસાયી મિત્રો માટે ઈન્સ્ટિટયુશનલ પેકમાં ઉપલબ્ધ.
અત્યંત વ્યાજબી ભાવ,
રામદેવ ક્વૉલિટીની ગેરંટી.
મરચું, હળદર, ધાણા, ધાણાજીરૂ - 2kg, 5kg
રેડ ગોલ્ડ કાશ્મીરી મરચું - 1kg
સ્ટ્રૉંગ હૉંગ - 200g, 500g
ગરમ મસાલા રેન્જ - 500g
અચાર મસાલા - 500g, 1kg
મિક્ષ પિકલ - 2kg, 5kg
ખમણ, ઈડલી, ઢોકળા, ગુલાબ જામુન ઇન્સ્ટન્ટ મિક્ષ - 1kg
અડદ પાપડ (સિંગલ મરી) - 1kg

For enquiries, please contact:
9327548534 • 9875151801
(Time: 10 to 5)
રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ
www.ramdev.co.in
ipsales@ramdev.co.in
HORECA

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...

વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

TVS Jupiter 125 YOUR RIDE GOT SMARTER!
TVS RAIDER THE WICKED RIDE

શ્યામ TVS
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ, અમરેલી. Mo. 89589 89789

-:: જાહેર નોટીસ ::-

આ મિલ્કત લાઠી ગામતળ સર્વે નં.- ૬૬૭/૧૦ પૈકી ૧ વાળી બિનખેતી રહેણાંક પ્લોટીંગ જમીન (૧) કેશવભાઇ લાલજીભાઇ કોલડીયા (૨) પ્રકાશભાઇ હિંમતભાઇ કાનાણી ઓની ખાનગી, સ્વતંત્ર, પોતાની માલીકીની છે. આ ખાનગી મિલ્કતની અંદર અમારી રજા કે પરવાનગી વિના કોઇપણ વ્યક્તિઓ કે ઇસમોએ બિન - કાયદેસર પ્રવેશ, દબાણ, પેશકદમી, દખલગીરી, કચરો કે ગંદકી કરશો, તો તેઓની સામે કાયદેસરની કાનુની કાર્યવાહી કરવામાં આવશે જેની જાહેર જનતાએ સખ્ત નોંધ લેવી.

લી.માલીકના હુકમથી

Sheetal
થાબડી - ખજૂર યુક્ત
ગરમ દૂધ

શીતલ ગાર્ડન પાર્લર
અટલ પાર્ક, કોલેજ સર્કલ, અમરેલી.
સાંજે 7:00 થી 11:30

અઢી દાયકાથી લોકોમાં વિશ્વાસ જીતી સ્વાદનાં શોખીનો માટે વિશ્વસનીય તેલ....
૧૦૦% શુધ્ધ સીંગતેલ બારે માસ ભરવાલાયક

ડબલ વન
સીંગતેલ
શ્રી વિવેક ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ
લીલીયા રોડ, ત્રિમંદિર સામે, અમરેલી - ૩૫૫ ૫૦૧.
ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૩૬, ૨૨૦૨૬૦
કૃષ્ણભાઈ : ૯૮૭૯૫ ૯૮૨૯૩

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૮,૫૦૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૬-૧૨-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

અમરેલી પોલીસ દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાયો

એલસીબીએ ૨૧ લોકોને ખોવાયેલ મોબાઇલ શોધી આપ્યાં

કુલ ૨૧ મોબાઇલ રૂા.૨,૯૩,૪૪૯ ની કિંમતના પરત મેળવી સોંપી આપ્યા

જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાટ દ્વારા મિલ્કત સબંધી ગુનાઓ શોધી આરોપીઓને પકડી મુદામાલ મુળ માલીકને મળી રહે તે માટે આયોજન

મુખ્ય પોલીસ અધિકારીનાં તેરા અર્પણ કાર્યક્રમ અન્વયે મળેલ સુચના મુજબ કામગીરી કરાઇ

અમરેલી,ચોરી સહિતના વિવિધ ગુનાઓમાં પોલીસ સ્ટેશનમાં રીકવર કે કબજે કરવામાં આવતો મુદ્દામાલ મુળ માલિકોને પરત મેળવવા સમય અને શકિતનોવ્યયનકરવોપડતેનમાટેગુજરાત સરકારીશ્રી દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમનોપ્રારંભકરવામાંઆવેલછે.જે અન્વયે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજય, ગાંધીનગર નાઓએ 'તેરા અર્પણ'' કાર્યક્રમ અન્વયે નામ.કોર્ટના માર્ગદર્શન હેઠળઝડપથીમુળમાલિકોનેપોતાનીવસ્તુ પરત મળી રહે તે માટે કાર્યવાહી કરવા જરૂરીસુચનાતથામાર્ગદર્શનઆપવામાં આવેલ.ભાવનગર.રેન્જ.આઈ.જી.ગૌતમ પરમારએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા મુળ માલિકને પોતાનો કિંમતી મુદ્દામાલ ઝડપથી મળી રહે તે અન્વયે તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમનું આયોજન કરવા સુચના આપવામાં આવેલ હોય, પોલીસ અધિક્ષક સંજય ખરાતનાઓએઅમરેલીજિલ્લામાબનતા મિલ્કત સબંધી ગુનાઓને શોધી કાઢી, આરોપીઓને પકડી પાડી, ચોરી લુંટમાં ગયેલતમામમુદ્દામાલરીકવરથાયઅને આમુદ્દામાલમુળમાલિકનેઝડપથીપરત મળી રહે તે માટે 'તેરા તુજકો અર્પણ કાર્યક્રમનુંઆયોજનકરી,મુળમાલીકોને મુદ્દામાલ સોંપી આપવા બાબતે જરૂરી કાર્યવાહી કરવા જિલ્લા પોલીસને જરૂરી માર્ગદર્શન આપેલ તેથી એલ.સી.બી. અમરેલી પો.ઇન્સ.એ.એમ.પટેલ દ્વારા જિલ્લામાં ખોવાયેલ મોબાઇલ ફોન અંગે મળેલ રજુઆતો/અરજીઓ અન્વયે કાર્યવાહી કરી, અરજદારોના મોબાઇલ ફોન શોધી કાઢી. તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમનું અમરેલી એલ.સી.બી. કચેરી ખાતેઆયોજનકરી, ૨૧ અરજદાર/મુળ માલિકને તેમના મોબાઇલ ફોન કુલ કિ.રૂ.૨,૯૩,૪૪૯/- ના પરત કરવામાં આવેલ. આ કામગીરીઅમરેલીપોલીસ અધિક્ષક સંજય ખરાટની સુચના અને માર્ગદર્શનહેઠળઅમરેલીએલ.સી.બી. પોલીસ ઇન્સ.એ. એમ. પટેલ તથા પો.સ.ઈ.એમ.બી.ગોહિલ તથા પો.સ.ઈ.એસ.આર.ગોહિલ તથા પો.સ.ઈ.સુ.કે.એમ.પરમાર તથા એલ. સી.બી. ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

બાબરકોટ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે અલ્ટ્રાટેક કંપની યુનિટ દ્વારા પોષણયુક્ત કીટનું વિતરણ કરવામાં આવ્યું

માર્ચ સુધી દર મહિને ૨૧ બહેનોને કીટ આપવામાં આવશે

રાજુલા, (કનુભાઈ વડ)બાબરકોટ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે અલ્ટ્રાટેક કંપનીયુનિટ-નર્મદાસિમેન્ટજાફરાબાદદ્વારા ઉચ્ચ જોખમ ધરાવતી ૨૧ સ્ત્રીઓ માટે પોષક યુક્ત વિતરણ કરવામાં આવ્યું. જેમાં માર્ચસુધી દર મહિને આ કીટ ૨૧ બહેનોને આપવામાં આવશે જેથી તેમના પોષણ યુક્ત ખોરાક માં મદદ મળે. આરોગ્ય એ અંતરિયાળ ગામો માટે હંમેશા એક ચિંતાનો વિષય રહ્યો છે કેમકે ત્યાં પાયાની સુવિધાઓ સમય પર મળવી, યોગ્ય જાણકારી, જેવા મુદ્દાઓની ઉણપ રહેતી હોય છે. જેને વળવા સરકાર તો કાર્ય કરતી જ હોય છે સાથે સાથે અન્ય સંસ્થાઓ અને કંપનીઓ પણ તેમાં આગળ આવતા હોય છે અને બનતું કરવા તૈયારી દાખવે છે. તેના જ ભાગ રૂપે આ કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં કંપનીના ભજીઈ કાર્ય સંભાળી રહેલ લાલજીભાઈ ગુજ્જર એ કાર્યક્રમના ઉદેશ્ય તેમજ ભવિષ્યની યોજના વિશે આપી.પ્રાથિમક આરોગ્યકેન્દ્રના ડો. ઈલાબેનદ્વારા બહેનોને પોષ્ટિક ખોરાકનું મહત્વ સમજાવ્યું તેમજ તેની ઉણપથી થતા નુકશાન વિશે પણ માહિતગાર કર્યા. કંપનીના એડમીન હેડ વિનીતરાણાએજણાવ્યું કેઆપણેજાણીએ છીએ કે આરોગ્ય આપણું એક મહત્વપૂર્ણ પાસુછે જેના માટે આપણેસતત જાગૃતરહી કાર્ય કરતા રહેવું જોઈએ તેમજ જણાવ્યું કે કંપની આવા કામ માટે હંમેશા તત્પર રહે છે અને બનતા બધા કાર્યો કરે છે અને ભવિષ્યમાં પણ કરશે. માઈન્સ હેડ મુકેશ કુમાર સાહેબે મહિલાઓને પ્રોત્સાહિત કરતા પોષ્ટિક આહાર અને યોગ્ય જીવન શૈલી ઉપર ભાર મૂકી માર્ગદર્શન કર્યું.કાર્યક્રમમાં ડોદક્ષાબેન, તેમજ આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ હાજર રહ્યાં હતાં.

મામલતદાર કચેરી દ્વારા

બગસરા લોહાણા મહાજન વાડી ખાતે મેગા ઈ-કેવાયસી કેમ્પ યોજાયો

મામલતદારશ્રી પ્રશાંત ભીંડીનાં માર્ગદર્શન નીચે આયોજન

બગસરા, (રૂપેશ રૂપારેલિયા)સરકાર શ્રી દ્વારા રેશનકાર્ડ નું ઈ કે વાય સી ફરજિયાત કરવામાં આવી રહ્યું છે ત્યારે મે. શ્રી કલેકટર સાહેબ અમરેલી દ્વારા બગસરા શહેરની તમામવ્યાજબીભાવનીદુકાનોસાથેજોડાયેલા તમામ ઘારકોનાઈ કે વાય સી માટે લોહાણા મહાજન વાડી અમરેલી રોડ ખાતે કેમ્પ નું આયોજન કરેલ આ કેમ્પ માં બાકી રહેતા તમામ નાગરિકો પોતાના રાશનકાર્ડ આધારકાર્ડ મોબાઈલ સાથે રૂબરૂ સવારે ૧૦:૦૦ કલાકે થી ભારે ધસારા સાથે નાગરિકોએઆકેમ્પનોલાભલીધોહતોતેમજ વયોવૃદ્ધ નાગરિકોના ઘરે જઈ મામલતદાર ના કલાર્કઓ દ્વારા ત્યાજ ઈ કે વાય સી કરી આપેલ આ કામગીરી માં બગસરા પત્રકાર કિરીટભાઈ જીવાણી ભારે જહેમત ઉઠાવેલ આ કેમ્પ માં બગસરા પ્રાંત નંદા તેમજ મામલતદાર શ્રીપ્રશાંત ભીંડીકેમ્પ માં વધુવધુ નાગરિકો ભાગ લે માટે સતત માર્ગદર્શન આપતા રહ્યા હતા તેમજ આ કેમ્પ બગસરા લોહાણા મહાજન ના પ્રમુખ ભીખુભાઈ સેજપાલ અને તમામ ટ્રસ્ટીઓ સહયોગ આપેલ તેમ કિરીટભાઈ જીવાણીએ જણાવ્યું હતું.

ડો. મનસુખ માંડવિયા 'ફિટ ઈન્ડિયા સાયકલિંગ ટ્યુસડેઝ' પહેલનો આજે શુભારંભ કરાવશે

નવદીપ સિંહ, પેરાલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ SAI RC ગાંધીનગર ઇવેન્ટમાં જોડાશે

નવી દિલ્હી,

બાબતો અને રમતગમતના કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયા તા.૧૭ ડિસેમ્બરે નવી દિલ્હીમાં 'ફિટ ઈન્ડિયા સાયકલિંગ ટ્યુસડેઝ' પહેલને ફ્લેગ ઓફ કરશે. તે જ દિવસે ગાંધીનગરમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) રિજનલ સેન્ટર ખાતે સાઈકલિંગ કાર્યક્રમનું આયોજન કરવામાંઆવશે.

ગાંધીનગરની કાર્યક્રમમાં પેરાલિમ્પિકગોલ્ડમેડલિસ્ટનવદીપસિંઘ સામેલ રહેશે. જે સ્વર્ણિમ પાર્ક ૩ કિલોમીટરની સાઈકલિંગ જોય રાઈડનું નેતૃત્વ કરશે. આ કાર્યક્રમમાં સ્થાનિક ફિટનેસ ઉત્સાહીઓ અને રમતપ્રેમીઓ સાથે હેન્ડબોલ અને કબડીના રમતવીરો સહિત આરસી ગાંધીનગરના ચુનંદા રમતવીરો ભાગ લેશે.

SAI પ્રાદેશિક કેન્દ્ર, ગાંધીનગર ખાતેની મંગળવારની ઈવેન્ટમાં સાઈકલિંગને પરિવહનના ટકાઉ માધ્યમ અને કસરતના સ્વરૂપ તરીકે પ્રોત્સાહન આપવા માટે પ્રદેશની પ્રતિબદ્ધતા દર્શાવશે. સહભાગીઓ SAI સ્વર્ણિમ પાર્કજશેઅનેપરતઆવશે.યુવાબાબતો અને રમતગમત મંત્રાલય સાયકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (CFI), MY ભારત, SAI પ્રાદેશિક કેન્દ્રો, નેશનલ સેન્ટર્સઓફએક્સેલન્સ (NCOEs), ખેલો ઈન્ડિયા કેન્દ્રો (KICs) અને જિલ્લા વહીવટીતંત્ર સાથે સીધા સહયોગમાંઆ કાર્યક્રમનું આયોજન કરે છે.

ફીટ ઈન્ડિયા સાયકલિંગ ટ્યુસડેઝ પહેલ ૧૭ ડિસેમ્બરે સમગ્ર ૧૦૦૦થી વધુ સ્થળોએ યોજાશે, જેમાં એકસાથેજીઈપ્રાદેશિકકેન્દ્રોપરકાર્યક્રમ યોજાશે. લોન્ચિંગ પછી, સાયકલિંગ ઈવેન્ટ્સ દેશભરમાં દર મંગળવારે ચાલુ રહેશે.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૨૦૧૯માં શરૂ કરાયેલ ફિટ ઈન્ડિયા ચળવળ એ મૂળભૂત કાર્યક્રમ છે. જે ભારતને રમતગમતની મહાસત્તા બનવાનો માર્ગ સુનિશ્ચિત કરે છે. આ અભિયાનએકંદરે પાસા, રમતગમતના પાસાઅનેદેશનીસ્વદેશીરમતોનાપ્રચાર પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ચલાલાના ઉનડકટ પરીવારને લગ્નોત્સવની શુભકામનાઓ પાઠવતા વિવિધ આગેવાનો

ચલાલા, (પ્રકાશ કારીયા)ચલાલા ના વતની હાલ રાજકોટ રહેતા સ્વ. પ્રવીણચંદ્ર વનમાળીદાસ ઉનડકટ ના સુપુત્ર શ્રી હિતેશભાઈઉનડકટનીલાડકવાયીદિકરીચિ. આકાશી નાશુભલગ્નોત્સવખુબજધામધુમ પૂર્વક રાજકોટ મા ગ્રીન લીફ કલબ એન્ડ રીસોર્ટમાયોજાયા હતા..આશુભલગ્નોત્સવ માસન્માનનિયવરરાજશ્રીચિ.યજ્ઞેશકુમાર અને શ્રી હિતેશભાઈ ઉનડકટ નુ પુષ્પગુચ્છ અર્પણકરીચલાલાનામિત્રોએઅંતકરણપુર્વક નીશુભકામનાઓ પાઠવી આંનદ નીલાગણી વ્યક્ત કરી હતી. આ તકે રઘુવંશી અગ્રણી પ્રકેશભાઈ કારીયા,ભરતભાઈ ગોંડલીયા, મુકેશભાઈજયરસ્વાલ, નરેશભાઈ (જવારામ રેડી), દિલુભાઈ દર્દોડા વાળા,લાલાભાઈ નગદીયા, જગતભાઈ પાણીપુરી વાળા,ધ્રુવભાઈવાળા, મનીશભાઈબ્રેડવાળા, સહીતના ઉપસ્થિત રહી પોત પોતાની શુભકામનાઓ વ્યકત કરી હતી.ઉપસ્થિત સહુનોઉનડકટપરીવારેઆભાર વ્યકત કર્યો હતો.

વાહ! નામ પણ ના સાંભળ્યું હોય તેવી

કુરાશ રમતમાં શ્રીમતી એસ. એચ. ગજેરા સ્કૂલના વિદ્યાર્થીઓ સ્ટેટ લેવલે મેડલ પ્રાપ્ત કરી મેડલ મેળવ્યાં

ખેલાડીઓ SGFIની કુરાશ ગેમમાં ૧-ગોલ્ડ, ૩- સિલ્વર અને ૪-બ્રોન્ઝ મેળવ્યા

અમરેલી,

અમરેલી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળાના વિદ્યાર્થીઓએ S.GFIની કુરાશ ગેમ્સમાં મેડલની રચી હારમાળા, જે તારીખ ૧ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ આણંદ ખાતે યોજાયેલ તેમાં જુદા-જુદા જિલ્લાઓના રમતવીરો એ બહોળી સંખ્યામાં ભાગ લીધેલ હતો.

જેમાં શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસ સ્કૂલ વિભાગના ખેલાડીઓએ ગેમમાં ૧-ગોલ્ડ,૩- સિલ્વર અને ૪-બ્રોન્ઝ મેડલ મેળવ્યા. (૧) મકવાણા ૭૩કિ ગોલ્ડ મેડલ (૨) કુવાડીયા મિતેશ ૮૦કિ સિલ્વર મેડલ (૩) ડાભી ધ્રુવિલ ૪૦કિ સિલ્વર મેડલ (૪) મોડ કૃપાલસિંહ -૩૫કિ સિલ્વર મેડલ (૫) બરવાળીયા કેનીલ ૪૫કિ બ્રોન્ઝ મેડલ (૬) નાથજી મીત ૪૫કિ બ્રોન્ઝ મેડલ (૭) પટેલ હિલ ૬૫કિ બ્રોન્ઝ મેડલ (૮) રાદડિયા દેવાંશ ૬૦કિ બ્રોન્ઝ

મેડલ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ તે બદલ સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા, મંત્રીશ્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રીશ્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટરશ્રી વસંતભાઈ પેથાણી દ્વારા ખેલાડીઓને અને કોચ તેમજ ટ્રેનર ને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

અવધ ટાઇમ્સ ડીંગ ડોંગ ડીસ્પ્લે જાહેરખબર

ચમત્કારીક પરિણામો મેળવવા માટે

આપની જાહેરખબર આપવા અવધ ટાઇમ્સ કાર્યાલયનો સંપર્ક સાધો.

મકાન વેચવાનું છે

વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી

ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ

બે માળનું મકાન (બંગલો)

મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે

ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો

પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)

સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

લોન..લોન..લોન..

ખેતીવાડી એક હેક્ટર ઉપર દસ લાખની લોન

ગામડાના સ્લેબવાળા મકાન પર લોન

મોર્ગેજ લોન, હોમલોન, પેટ્રોલ પંપ ઉપર લોન

મશીનરી માટે સબસીડીવાળી લોન

કોલેજ, સંકુલ, શૈક્ષણિક સંસ્થા માટે લોન

ઓલ ગુજરાતમાં લોન મળશે

કોન્ટેક્ટ : મો.૭૬૨૨૯ ૪૫૨૦૯

સુપર લોકેશનમાં દુકાનોવેચવાની છે.

- ચિતલ રોડ ઉપર રોડ ટચ ની તપોવન મંદિરની નજીક બે દુકાન વેચવાની છે
- ધંધાથી ધમધમતા લાઠી રોડ ઉપર રોડ ટચ ફાટક પહેલા ઉપરનીચેની દુકાન
- જૂના માર્કેટીંગ યાર્ડમાં મોટો હોલ માપ 20X28 ફુટ સુપર લોકેશન
- લાઠી રોડ પટેલ મંડપ પાણી લાઈનના ત્રણ દુકાનો વેચવાની છે.
- બીડભંજન સામે S.T સ્ટોપ પાસે કોર્નરની ફર્નિચરવાળી ઓફીસ

શ્રી લાભમ્ પ્રોપર્ટીઝ : Mo.94289 70954

અમરેલીમાં દુકાનો વેચવાની છે

અમરેલીમાં ઇન્દીરા શોપીંગ સેન્ટરમાં મોકાની દુકાનો કસમાં વેચવાની છે

સંપર્ક : મો.૯૪૨૬૪ ૨૩૦૪૭

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**

રૂમ્સ એન્ડ કોફીબાર

A/C રૂમ એન્ડ નોન A/C રૂમ

મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં

કેરીયારોડ બાયપાસ, એમેઝોન સોસાયટીની સામે, અમરેલી

સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

એસટી ડેપો સામે દુકાન વેચવાની છે

અમરેલીમાં નવા એસ.ટી.બસ પોર્ટ સામે, જીમખાના શોપીંગ સેન્ટરમાં વ્યાજબી ભાવે

દુકાન વેચવાની છે

મો.૭૦૧૬૭ ૩૫૦૦૪

FASTag Easy to Cruise

દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો

વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો

મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

લોભામણી લોન સ્કીમ નંબર પર સંપર્ક ન કરવો : અમરેલી સાયબર ક્રાઇમનાં શ્રી જયેશ કડછાનો અનુરોધ

અમરેલીમાં લોભામણી લોનનાં નામે મજુર વર્ગ સાથે ફ્રોડ

અમરેલી સાયબર ક્રાઇમ દ્વારા લોન માટે રૂબરૂ બેંકનો સંપર્ક કરવા જણાવ્યું

સોશ્યલ મિડીયાના માધ્યમથી ઓછા ટકે નાણા આપવાની સ્કીમ મોકલવામાં આવે છે

અમરેલી,

સોશિયલ મીડિયા માધ્યમથી લોભામણી ઓછા ટકાના વ્યાજે નાણાંઆપવાનીસ્કીમમોકલવામાં આવેછે. ઝડપથી લોન આપી ડોક્યુમેન્ટ મેળવી લેવામાં આવે છે.કોઈપણ વેરિફિકેશન વગર આપવામાંઆવતી ફ્રોડ હોય છે અને તેમાં બાદમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન ફી, GST ફી જેવી અલગ અલગ કીના બહાને રૂપિયા પડાવવામાં આવે છે. આ સાથે હાલ નવો ટ્રેન્ડ આવ્યો છે જેમાં ઓછી રકમની લોન ૩ મહિનાના મુદત માટે આપવામાં આવે છે જેમાં મજૂર વર્ગને ટાર્ગેટ કરવામાં આવે છે જેની પાસે એક એપ્લિકેશન કરાવી બાદમાં તેમના કોન્ટેક્ટ સીંકરોનાઇઝ કરી દેવામાં આવે છે જે બાદ એક અઠવાડિયાની અંદર જ બમણા રૂપિયા વસુલવાની શરૂઆત કરવામાં આવે છે અને તે ઇનકાર કરે તો બ્લેકમેઇલ કરવામાં આવે છે. લોન ફ્રોડ થી કેવી રીતે બચવું? કોઈપણ ખોટી લોન ઓફરની લાલચમાં આવવું નહીં. લોન માટે લોભામણી સ્કીમના નંબર પર સંપર્ક ન કરવો અને કોઈ લિંક ઓપન ન કરવી.લોન માટે રૂબરૂ બેન્ક નો જ સંપર્ક કરવો. તેમ સાયબર ક્રાઇમ અમરેલીની યાદીમાં જણાવાયુ છે.

કોઇપણ વેરીફીકેશન વગર આપવામાં આવતી લોન ફ્રોડ હોવાથી બચવુ

એક એપ્લીકેશન કરાવી બાદમાં તેના કોન્ટેક્ટ સીંકરોનાઇઝ કરી દેવામાં આવે છે

રાજુલાનાં રામપરા-૨ ગામે યુવાન ઉપર હુમલો

ચાર શખ્સોએ પાઇપ અને ટીકા પાટુ વડે મારમાર્યાની ફરિયાદ

અમરેલી,

રાજુલા તાલુકાનાં રામપરા-૦૨ ગામે વાજસુરભાઈ ટપુભાઈ વાઘ ઉ.વ.૩૨ નાપિતા સાથે દુલા શાદૂંળભાઈ વાઘને બે મહિના પહેલા થયેલ મારામારીનું મનદુઃખ રાખી દુલા શાદૂંળભાઈ, ચંદુ રામભાઈ, ભોળા બાવભાઈ, નકાસામતભાઈ વાઘેપોતાનો સામાન્યઈરાદોપાર પાડવા એકસંપકરી ગુનાહિત કાવતરૂ રચી પાઈપ વડે વાજસુરભાઈનેઆડેધડ માર મારી ડાબા પગમાં ફ્રેક્ચર કરી જમણા હાથે અને ગોઠણેઈજાઓ કરી ટીકા પાટુનો મુંઢ માર મારી કહેલ કે પાછો મળીશ તો તને ગાડી માથે ચડાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની મરીન પીપાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જાફરાબાદમાં સામ સામી મારામારી

મારમારી ધમકી આપ્યાની ફરિયાદો થઇ

અમરેલી,જાફરાબાદમાં દિવ્યાબેન કાનજીભાઈ બારૈયા ઉ.વ.૨૨ નાં ભાઈને વિજય સોલંકીએ માર મારેલ હોય જેથી સમજાવવા જતા સારૂ નહીં લાગતા વિજયે લાકડાનાં ધોકા વડ દિવ્યાબેનને માર મારી લક્ષ્મીબેન તથા શારદાબેન વિજયભાઈ સોલંકીએ ગાળો બોલી ટીકા પાટુ વડે મુંઢમાર મારી વિજયે જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની જાફરાબાદ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છે. જ્યારે સામાપક્ષે શારદાબેને વિજયભાઈ સોલંકી ઉ.વ.૩૫ તથા તેના જેઠાણી અને સાસુને કલુબેન કાનભાજીભાઈ રવિનાબેન કાનજીભાઈ, દિવ્યાબેન કાનજીભાઈએ ગાળો બોલી ટીકા પાટુ વડે મુંઢમાર મારી કલુબેને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારીકરી ગુનોકર્યાનીજાફરાબાદપોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

લાઠીનાં ભુરખીયા હનુમાન મંદિરે બુધવારે ૮૧ મો વિનામુલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

રમાબેન અનિલભાઇ પારેખ પરિવાર મુંબઇનો આર્થિક સહયોગ

લાઠી, ભુરખીયા હનુમાનજી દાદાના મંદિરે બુધવાર ૮૧ મોવિનામુલ્યેનેત્રનિદાનકેમ્પનું આયોજન કરેલ છે. રમાબેન અનિલભાઈ પારેખપરિવાર-મુંબઈનાઆર્થિકસહયોગથી આગામીબુધવારેતા.૧૮-૧૨-'૨૪નાંરોજ સવારના ૮ વાગ્યા થી બપોરના સાડા બાર વાગ્યા સુધી લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી), શ્રી ભુરખીયા હનુમાનજી ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય દ્વારા વિના મુલ્યે નેત્રનિદાન અને ટાકા વગરના મોતિયો (નેત્રમણી) નાં ઓપરેશન કરી આપવામાં આવશે. તેમજ નંબરનાચશ્માસાહતભાવેબનાવીઆપશે.આ શિબિરનો લાભ લેવા આવનાર નાગરિકોએ આધાર પુરાવા સાથે સમયસર આવવા આયોજકોએ વિનંતી સાથે જણાવેલ છે.

સાવરકુંડલાની મામલતદાર કચેરીમાં અરજદારોના ધક્કા

કુંડલાની મામલતદાર કચેરીમાં મધ્યાહન ભોજન શાખામાં અધિકારીઓ વધુ ગેરહાજર હોવાની બૂમ

મધ્યાહન ભોજન શાખાના અધિકારીઓ બીજી શાખામાં શા માટે બેસે છે ?

સાવરકુંડલા, (સૌરભ દોશી) સાવરકુંડલાની મામલતદાર કચેરીમાં જાણે પોપાબાઈ નું રાજ તેમ મામલતદાર કચેરીમા બેસતી મધ્યાહન ભોજન શાખા માં અધિકારીઓ વધુ પડતા ગેરહાજર જોવા મળી રહ્યા છે ને મધ્યાહન ભોજનના અધિકારી પાસે એટિવિટી જનસેવાના નાયબ મામલતદારનો ચાર્જ પણ મધ્યાહન ભોજન શાખા ના નાયબ મામલતદાર પાસે હોય ત્યારે હાલ ક્રિમિલિયર સર્ટિ થી લઈને વિધાર્થીઓને દાખલા સહિતના અનેક કામો માં એટીવીટી જનસેવા ન બેસતા નાયબ મામલતદારને કારણે અરજદારો પારાવાર પરેશાની ભોગવી રહ્યા છે જ્યારે મધ્યાહન ભોજન શાખાના નાયબ મામતદાર પોતાના ટેબલ ખુરશી મૂકીને અન્ય શાખાની કચેરીમાં બેસતા હોવાની ચર્ચાઓ ઊઠવા પામેલ છે ત્યાર મધ્યાહન ભોજન શાખામાં બેસતા કોમ્પ્યુટર ઓપરેટર અરજદારો સાથે ગેરવર્તુનક કરતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે ને ચા કિટલી ગરમતેવોઘાટઘડાયો હોય ત્યારે નવનિયુક્ત મામલદાર આ એટીવીટી ના નાયબ મામલતદાર પોતાના જનસેવા કેન્દ્રમાં બેસે અને મધ્યાહન ભોજન શાખાના નાયબ મામલતદાર નીખુરશીખાલીનાપડીરહે તે અંગે ક્યારે પ્રબંધ કરશે તે એક યક્ષ પ્રશ્ન અરજદારોને સતાવી રહ્યો છે

ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ તા. ૨૪થી ૨૬ ૨૦૨૪ સુધી કચ્છના અભ્યાસ પ્રવાસે

અમરેલી, ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિના સભ્યો આગામી તા.૨૪ થી તા.૨૬ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન શહેરી વિકાસ અને શહેરી નિર્માણ વિભાગ અંર્ગત કચ્છ જિલ્લાનો અભ્યાસપ્રવાસ કરશે.અંદાજસમિતિનાસભ્યોનો અભ્યાસ પ્રવાસ તા.૨૪ ડિસેમ્બર ૨૦૨૪ના દિવસે ગાંધીનગરથી શરૂ થશે. ત્યારબાદ ગાંધીનગરથી કચ્છના ધોળાવીરા વિશ્વ ધરોહર સ્થળ મ્યુઝીયમની મુલાકાત કરી કાળો ડુંગર -રોડ ટુ હેલન- જવા રવાના થશે, સાથોસાથ પ્રવાસના પ્રથમ દિવસે દતાત્રેય મંદિર, ધોરડો ખાતે ટેન્ટ સિટીમાં સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી રાત્રિ રોકાણ કરશે. અભ્યાસ પ્રવાસના બીજા દિવસે તા.૨૫ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અંદાજસમિતિના સભ્યો સફેદ રણ જવા માટે રવાના થશે, ત્યાં જઈને સનરાઈઝ નિહાળશે, ત્યારબાદ આશ્રય સ્થાનની મુલાકાત લઈને માતાના મઢ જવા રવાના થશે, તેમજ નારાયણ સરોવર અને કોટેશ્વરનો પ્રવાસ કરશે. જ્યારે અભ્યાસપ્રવાસના ત્રીજાઅને અંતિમ દિવસે તા.૨૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અંદાજ સમિતિના સભ્યો ભૂજ જવા રવાના થશે, ત્યાં તેઓ સુરલભીટ હેડ વર્કસ સાઈટની મુલાકાત અને સ્મૃતિવનની મુલાકાત લેશે, ત્યારબાદ તેઓ અંજાર ખાતે જેસલ - તોરલની સમાધિની મુલાકાત લેશે. તા.૨૬ ડિસેમ્બરના દિવસે પ્રવાસ પૂર્ણ કરી ગાંધીનગર પરત રવાના થશે તેમ ગુજરાત વિધાનસભા સચિવાલય ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

લાઠી-બાબરાના ધારાસભ્ય શ્રી જનક તળાવીયાના પ્રયાસોથી

વાંડળીયાથી લુણકી રોડને સુવિધાપથ બનાવવા માટે રૂા.૪૦ લાખની ફાળવણી

બાબરા તાલુકાની જનતા માટે સુવિધાથી આનંદની લાગણી

અમરેલી,

લાઠી-બાબરાના જાગૃત ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવીયાએ બાબરા તાલુકાના વાંડળીયાથી લુણકી રોડને સુવિધાપથ (સી.સી. રોડ) બનાવવા માટે રૂ. ૪૦ લાખની ફાળવણી મંજૂર કરાવી છે. આ નિર્ણયથી આ વિસ્તારના લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે. ધારાસભ્ય શ્રી તળાવીયા હંમેશા લાઠી-બાબરા અને લોકોની સુખાકારી માટે પ્રયત્નશીલ રહ્યા છે. તેમણે સરકાર પાસેથી આ વિસ્તાર માં નવા રોડ અને રસ્તાઓ બનાવવા માટે દરખાસ્ત કરી હતી. તેમના સતત પ્રયાસોના પરિણામ સ્વરૂપે આ રોડને સુવિધાપથ બનાવવા માટે ફાળવણી મળી છે. આ નવા રોડથી આ વિસ્તારના લોકોને સરળતાથી અવરજવર કરવામાં મદદ મળશે. ખાસ કરીને ખેડૂતોને પોતાના માર્કેટ સુધી પહોંચાડવામાં સરળતા રહેશે. આ સાથે જ, આ વિસ્તારનો વિકાસ થવામાં પણ મદદ મળશે. આ વિસ્તારના લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. આ નિર્ણયથી આ વિસ્તારના લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લોકો ધારાસભ્ય શ્રી તળાવીયાનો આભાર માની રહ્યા છે અને તેમના આ પ્રયાસને બિરદાવી રહ્યા છે. લોકોનું છે કે આ વિસ્તારમાં આ રોડ પરથી અવરજવર કરતા લોકો ને સારા રોડ ની સુવીધા ઉપલબ્ધ થાસે જેથી ધારાસભ્ય જનકભાઈ તળાવિયા નો આભાર માન્યો હતો.

અવસાન નોંધ

અમરેલી

વીરુભાઈ જીવરાજભાઈ ધાનાણી નાધર્મપત્ની મુક્તાબેન ઉ.૭૬ તે પી.ડી ધાનાણી (નિવૃત નગર પાલિકા)સુરેશભાઈ ના માતા જયદીપ,જીગર ના દાદી નું તા.૧૫ ના રોજ અવસાન થયેલ છે બેસણું તા.૧૯ ને ગુરૂવારે સવારે ૮ થી સાંજ નાપ્રકાલ સુધી બાલમુકુન્દ હોલ ગજેરાપરા અમરેલી ખાતે રાખેલ છે.

ચલાલા

ચલાલા નિવાસી જેદરાબેન અબ્દુલહુસેન તે ઈસુકબલી તાહેરઅલી હથિયારીના બેરો ઉ.વ.૮૦ તા.૧૫-૧૨-૨૪ ને રવિવારે વફાત થયેલ છે. મર્હુમના જીયારતના સીપારા તા.૧૬-૧૨-૨૪ ને મંગળવારે બપોરે ૧૨ કલાકે ચલાલા મસ્જીદે રાખેલ છે.

એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ રજી. નં. ૧૨૯-૨૦૨૪

અરજદાર : શ્રી નાગજીભાઈ રાણાભાઈ ભીમાણી રહે.ટીકડીયા,તા.જી.અમરેલી
સામાવાળા : તલાટી કમ મંત્રી રીકડીયા ગ્રામ પંચાયત તા.જી.અમરેલી

જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના રીકડીયા ગામના નાગજીભાઈ રાણાભાઈ ભીમાણીએ તેઓના પુત્રી કાજલબેન નાગજીભાઈ ભીમાણીનો જન્મ તા.૦૧-૦૬-૧૯૮૫ ના રોજ થયેલ હોવા ની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૨-૧૨-૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટના સીક્કા કરી આપ્યા

કોર્ટની સિક્કા

એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૪૨૩/૨૦૨૪

અરજદાર :- શ્રી ચૌહાણ હરસુરભાઈ દાનાભાઈ રહે.ચાંચ, તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ચાંચ ગ્રામ પંચાયત, તા.રાજુલા

નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ચાંચ ગામના શ્રી ચૌહાણ હરસુરભાઈ દાનાભાઈએ તેમના ભાઈ શ્રી ચૌહાણ મનુભાઈ દાનાભાઈનો જન્મ તા.૦૧-૦૧-૧૯૯૫ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી એમ.એમ.રાઠોડ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૭-૧૦-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૦૭-૧૦-૨૦૨૪

કોર્ટની સિક્કા

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

મહે શ્રી ખાંભા ના જ્યુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

કોજદારી પરચુરણ અરજી નં. ૨૪૬-૨૦૨૪.....મુ.તા.૦૨-૦૧-૨૦૨૫

અરજદાર : જયંતિભાઈ કલ્યાણભાઈ કોટડીયા રહે.લાસા, તા.ખાંભા
અરજદારના વિ.વ.શ્રી આર.આર.હરીયાણી
વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી લાસા, તા.ખાંભા, જી.અમરેલી

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના માતાશ્રી સ્વ.નાથીબેન કલ્યાણભાઈ કોટડીયાનું અવસાન તા.૦૭-૧૧-૨૦૦૨ નારોજ ગામ લાસા, તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના માતાના મરણ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૦૨-૦૧-૨૦૨૫ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઇસમ તથા સરકારી, અર્ધસરકારી કર્મચારી, પેઢી, મંડળી, વ્યક્તિ, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેમોએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૦૬-૧૨-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

તૈયાર કરનાર
ડી.એમ.કલસરીયા
આસી.

મુકાબલ કરનાર
ડી.જે.પઠાણ
આસી.

કોર્ટની સિક્કા

હુકમ થી
પી.કે.હડીનારાયણ
ઈ.ચા.રજીસ્ટ્રાર ખાંભા

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૪૪૬/૨૦૨૪

અરજદાર:- શ્રી રાણેશ્રીબેન વાલેરાભાઈ રામ ને ભગવાનભાઈ બીજલભાઈ વાઘના ધર્મપત્ની રહે.બેરાઈ, તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી બેરાઈ ગ્રામ પંચાયત, તા.રાજુલા

નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભેરાઈ ગામના શ્રી રાણેશ્રીબેન વાલેરાભાઈ રામએ તેમનો જન્મ તા.૧-૬-૧૯૭૧ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી જે.સી.ગોસ્વામી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૮-૧૦-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૮-૧૦-૨૦૨૪

કોર્ટની સિક્કા

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

બગસરા નગરપાલિકા - બગસરા જિ. અમરેલી

ઓનલાઇન જાહેર નિવિદા

આથી બગસરા નગરપાલિકા, બગસરા, જિ. અમરેલીને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ વિવિધ યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરવવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામનં.૧: સને ૨૦૧૮-૧૯ વર્ષની સ્વચ્છ ભારત મીશન યોજના અંતર્ગત જુદા-જુદા વિસ્તારમાં શેડ, વે.બ્રીજ ઓફિસ, વે.બ્રીજ, ટોઇલેટ બ્લોક, સી.સી. ટીવી કેમેરા, એન્ટ્રસ ગેઇટ અને કમ્પાઉન્ડ વોલનું કામ. (પાંચમો પ્રયત્ન).	
અંદાજીત રકમ રૂા.૩૬.૬૬ લાખ	કામની સમય મર્યાદાઃ ૬-માસ
ઈ.એમ.ડી. રૂા. ૭૬,૭૦૦/-	ટેન્ડર ફીઃ રૂા.૨,૪૦૦/-+૧૮%GST
કામનં.૨: સને ૨૦૨૪-૨૫ વર્ષની નિર્મળ ગુજરાત-૨.૦ યોજના અંતર્ગત જુદા-જુદા વિસ્તારમાં ગાર્બેજ વલ્નરેબલ પોઇન્ટ બ્યુટીફીકેશન ની કામગીરી. (પાંચમો પ્રયત્ન).	
અંદાજીત રકમ રૂા.૬.૬૫ લાખ	કામની સમય મર્યાદાઃ ૨-માસ
ઈ.એમ.ડી. રૂા. ૬,૭૦૦/-	ટેન્ડર ફીઃ રૂા. ૬૦૦/-+૧૮%GST
કામનં.૩: સને ૨૦૨૦-૨૧ અને ૨૦૨૨-૨૩ વર્ષની ૧૫મું નાણાપંચ યોજના અંતર્ગત જુદા-જુદા વિસ્તામાં સ્મશાન છાપરી, પ્રાથના હોલ, પેવિંગ બ્લોક રોડ અને ડી.આઇ. પાઇપ લાઇનનું કામ (ચોથો પ્રયત્ન)	
અંદાજીત રકમ રૂા.૬૨.૦૭ લાખ	કામની સમય મર્યાદાઃ ૪-માસ
ઈ.એમ.ડી. રૂા. ૬૨,૧૦૦/-	ટેન્ડર ફીઃ રૂા. ૨,૪૦૦/-+૧૮%GST
કામનં.૪: સને ૨૦૨૨-૨૩ વર્ષની ૧૫મું નાણાપંચ યોજના (ટાઇડ) અંતર્ગત વોર્ડનં.૧ થી ૭માં જુદા-જુદા વિસ્તામાં હાઉસ ચેમ્બરનું કામ	
અંદાજીત રકમ રૂા.૪૩.૦૮ લાખ	કામની સમય મર્યાદાઃ ૩-માસ
ઈ.એમ.ડી. રૂા. ૪૩,૧૦૦/-	ટેન્ડર ફીઃ રૂા. ૧,૫૦૦/-+૧૮%GST
વેબસાઇટનું નામ	www.tender.nprocure.com
ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોક્યુમેન્ટ અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય	તા.૦૪/૦૧/૨૦૨૫નારોજ ૧૮.૦૦ કલાક સુધી
ફકત ઓરીજનલ ટેન્ડરફી અને ઇ.એમ.ડી. પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું	૧૧/૦૧/૨૦૨૫ના ૧૫.૦૦ કલાક સુધીમાં ચીફ ઓફિસર, બગસરા નગરપાલિકા, મુ. બગસરા, જિ. અમરેલી.
ટેકનીકલ બિડખોલવાની તારીખઃ	૧૩/૦૧/૨૦૨૫, ૧૨.૦૦ કલાકે
પ્રાઇસ બિડ ખોલવાની તારીખઃ	૧૩/૦૧/૨૦૨૫, ૧૨.૩૦ કલાકે

કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોકત જણાવેલ વેબસાઇટ ઉપર જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

તા. ૧૬-૧૨-૨૦૨૪ ચીફ ઓફિસર પ્રમુખ
બગસરા નગરપાલિકા બગસરા નગરપાલિકા

માહિતી/અમર/ ૭૩૯/૨૪.

શ્રી સમઢીયાળા ૧ ગ્રામ પંચાયત, તા.રાજુલા, જી.અમરેલી

ગ્રામ પંચાયત હસ્તકનાં જર્જરીત ઇમલાની જાહેર હરરાજી

આથી સ્ત્ર ઇરાવતી પાર્ટીબી તથા ઇમરસર વ્યક્તિઓને જણાવવાનું કે સમઢીયાળા ૧ ગ્રામ પંચાયત હસ્તકના સ્મશાન છાપરી તથા કોમ્યુનીટી હોલ આવેલ છે જેના ઇમલાની જાહેર હરરાજી તા.૨૦-૧૨-૨૦૨૪ ને શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રાખેલ છે.

હરરાજીમાં ભાગ લેવા માંગતા ઇસમો ડિપોઝીટ ભરીને જ બોલીમાં ભાગ લઇ શકશે. હરરાજીની બોલીઓ અને શરતો સ્થળ ઉપર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

હરરાજીની તારીખ : ૨૦-૧૨-૨૦૨૪.... સમય સવારે ૧૧:૦૦ કલાકે.... હરરાજીનું સ્થળ : સમઢીયાળા ૧ ગામ પં.કચેરી

સરપંચશ્રી : સમઢીયાળા ૧
ગ્રામ પંચાયત તા.રાજુલા, જી.અમરેલી

શ્યામ
આંખની હોસ્પિટલ

ડૉ. કપિલ બી. વડ
એમ.એસ. (ઓપ્થેલ.)
ફેલો મેડિકલ રેટિના

મોતિયા, ઝામર અને પડદાના રોગોના નિષ્ણાંત

: મેઈન બ્રાન્ચ :
સફારી પ્લાઝા, બીજો માળ,
એંજલ સિનેમાની સામે, માણેકપરા,
અમરેલી. મો. ૮૭૫૮૫ ૩૫૦૦૦

: અન્ય બ્રાન્ચ :

: બાબરા :
ઝાફરી કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેશન, અમરાપરા રોડ,
બાબરા. મો. ૮૨૩૮૩ ૦૬૦૦૦

: ધારી :
ખોડીયાર કોમ્પ્લેક્ષ, પટેલ વાડી ગેટની સામે,
અમરેલી રોડ, ધારી. મો. ૮૨૩૮૩ ૦૭૦૦૦

: રાજુલા :
શિવશક્તિ શોપીંગ, બેન્ક ઓફ બરોડાની પાસે,
કોહિનુર હોટલની સામે, જાફરાબાદ રોડ,
રાજુલા. મો. ૭૪૩૪૮ ૦૮૦૦૦

: સાવરકુંડલા :
રિદ્ધિ સિદ્ધિ કોમ્પ્લેક્ષ, તાલુકા પંચાયત ઓફિસની સામે,
મહુવા રોડ, સાવરકુંડલા. મો. ૮૨૩૮૬ ૦૯૦૦૦

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૭-૧૨-૨૦૨૪ મંગળવાર

હજુ આગામી એક વરસ સુધી તો ભારતીય અર્થકારણમાં શિયાળાની જેવું ધુમ્મસ રહેશે

દેશના અર્થતંત્રને મંદીની પહેલી અસર થઈ હોય એવા જીડીપીના આંકડાઓ જાહેર થયા છે. આપણા દેશમાં કરવેરા ચૂકવનારાઓની સરખામણીમાં કરચોરોની સંખ્યા અનેકગણી છે. હવે આ કરચોરો પાસેથી પેટ્રોલ ડિઝલના ભાવવધારાના બહાને અત્યારે કર જ લેવામાં આવેછે. કેટલાક કોંગ્રેસીઓ બીજા દેશોના દાખલા આપે છે પણ એ દેશોના નાગરિકો કેટલી નિષ્ઠા પૂર્વક કરવેરા ભરે છે એ વાત કહેતા નથી. કોંગ્રેસ કહે છે કે એક તરફ માર્કેટમાં ગભરાટ છે અને મોંઘવારીથી ત્રસ્ત પ્રજાની માથે રોજેરોજ પેટ્રોલ-ડીઝલનો ભાવવધારો ઝીંકવામાં આવી રહ્યો છે, તો બીજી તરફ ઉદ્યોગ-વ્યાપાર ક્ષેત્રે પણ ભારે ગભરાટ જોવા મળી રહ્યો છે. ખરેખર તો એવું કંઈ નથી સહુ લહેરથી પોતપોતાના ધંધાપાણી ચલાવે છે પણ નવરા પડે એટલે સરકારની ટીકા કરવાની ફેશન થઈ ગઈ છે. હકીકતમાં ભારતીય અર્થતંત્ર મજબૂત થયું છે પરંતુ કોંગ્રેસ પ્રેરિત દેકારો હજુ શાંત થતો નથી.

એક તરફ અર્થતંત્ર અને આર્થિક વ્યવહારો સાથે સંકળાયેલા વર્તુળોને વૈશ્વિક કારણોને લઈને આવી રહેલા ઝટકાની સાથે સાથે સરકારની નીતિરીતિ દેશને પાટે ચડાવવામાં વ્યસ્ત છે. નાણાં મંત્રાલય દરરોજ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીને નિર્ણય લે છે. ખુદ સરકારે આંતરરાષ્ટ્રીય પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે, કોંગ્રેસ શસ્ત્રસોદાઓ સંબંધિત ડીલના મુદ્દે ભાજપને ઘેરી રહીછે અને મોદીએ પોતાની કેબિનેટને વિશ્વાસમાં લીધા વગર કેટલાક આંતરરાષ્ટ્રીય ડીલ કરી લીધા હોવાનો આક્ષેપ કરી રહી છે. ખરેખર તો સંરક્ષણની બાબતોમાં વડાપ્રધાનને કેટલાક વિશેષાધિકાર મળેલા છે. કોંગ્રેસે અગાઉ 'કેગ'ને આવેદન આપ્યા પછી હવે સેન્ટ્રલ વિજિલન્સ કમિશન સમક્ષ ગઈ છે, અને ત્યાં મોદી સરકાર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. કોંગ્રેસે ફરતો ફરતો એક જુનો વીડિયો પણ દેશભરમાં ચર્ચાસ્પદ બન્યો છે. આ વીડિયોની સત્તાવાર પુષ્ટિ થઈ નથી, પરંતુ તેના પર કોમેન્ટ પણ ખૂબ જ સપ્રદ રીતે થઈ રહીછે. રાફેલ વિમાનોની કથામાં હાથી અને અંધજનોની વાર્તા જેવી દશા છે. જેને જેમ લાગે તેમ કહે છે. ગઈકાલે પાકિસ્તાને રફાલ ડીલના મુદ્દે ભારતની ટીકા કરી, તેવી વાતો ઊઠ્યા પછી તેના પ્રત્યાઘાતોતો પણ પડ્યા. ભાજપે કહ્યું કે કોંગ્રેસ અને પાકિસ્તાન સમાન વાત કરે છે, તો ઉકળી ઊઠેલા સુરજેવાલાએ વળતો જબ્બર પ્રહાર કર્યો અને દૃષ્ટાંતો સાથે કહ્યું કે જ્યારે જ્યારે ભાજપ મુસીબતમાં હોયછે, ત્યારે ત્યારે તેને પાકિસ્તાન યાદ આવેછે. જોકે કોંગ્રેસને પણ ભાજપની ટીકા કરવા માટે વારંવાર પાકિસ્તાનનો ઉલ્લેખ કરવાની ટેવ પડી ગઈ છે.

બીજી તરફ શેરબજાર અચાનક કડડભૂસ થયા કરે છે તેના વૈશ્વિક કારણો ઉપરાંત સ્થાનિક કારણો પણ છે. નીતિન સાંડેસરા પણ ભાગી ગયો હોવાની વાતો પછી સરકારે એને નાઈજિરીયાથી શોધી કાઢ્યો છે અને એને ભારત લાવવા માટે કાર્યવાહી ચાલુ કરી દીધી છે. પાંચ કરોડ લઈને ભાગી જનાર આ ડિફોલ્ટરોના કારણે દેશનું અર્થતંત્ર કંઈ રાતોરાત બેહાલ થઈ ગયું નથી. પરંતુ દેશની કોઈ પણ ઘટના વિશે ભાજપ પર માછલા ધોવા એ એક માત્ર કોંગ્રેસનું કામ છે. બેંકો મનસ્વી રીતે ધિરાણ કરે અને તેના અધિકારીઓ તેમાંથી મલાઈ તારવી લેતા હોય કે ન હોય તો પણ તેનો બોજ અને બદનામી એકલા ભાજપે જ શા માટે ભોગવવાની ? ભાજપે જ તો બેન્કોની જે સાચી દશા હતી એ ખુલ્લી કરી ને સહુને બતાવી. ખરેખર તો મનસ્વી રીતે ધિરાણ કરનારાઓને પણ વ્યક્તિગત રીતે જવાબદાર ગણીને તેની જેટલી હોય તેટલી મિલકત જપ્ત કરીને કાનૂની રાહે અદાલતોના માધ્યમથી જીવનભર જેલમાં નાંખવા જોઈએ અને એ દિશામાં અત્યારે સરકારે કામ ચાલુ કરેલું જ છે.

વર્લ્ડ બેંકે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ભારતનો વિકાસ દર ૭.૩ ટકા રહે તેવું અનુમાન લગાવ્યું છે. વૈશ્વિક સંસ્થાનું કહેવું છે કે જીએસટી લાગુ થયા બાદ વિકાસ દરમાં નોંધાયેલા પ્રાથમિક ઘટાડામાંથી ભારતીય અર્થવ્યવસ્થા ઉપર ઉઠી શકી છે. કોંગ્રેસે વિશ્વ બેન્કના અહેવાલોનાય પાના ઉલવાલીજોયા પણ એમાં તો ઉજ્જ્વળ ભવિષ્ય હોવાથી એ અંગે મૌન પાળી લીધું છે. વર્લ્ડ બેન્કે પોતાના સાઉથ એશિયા ઈકોનોમિક ફોકસ રિપોર્ટમાં તો એમ પણ કહ્યું છે કે ભારતના અર્થતંત્રમાં સુધારણાની સ્થિતિને કારણે આ ક્ષેત્રે (દક્ષિણ એશિયા)એ દુનિયામાં સૌથી ઝડપથી વધતા ક્ષેત્રનો દરજ્જો ફરીથી પ્રાપ્ત કરી લીધો છે.

જો કે વિશ્વ બેન્કે વચગાળાના ખાનગી રોકાણની વાપસીને મોટો પડકાર ગણાવ્યો છે. તેમના મતે દેશમાં પ્રાઈવેટ ઈન્વેસ્ટમેન્ટસ વધારવામાં કેટલીય સ્થાનિક અડચણો જે યુપીએ સરકાર વખતે હતી તે હવે નથી.

અગાઉની યુપીએ સરકારની બન્ને ઈનિંગમાં રોકાણકારો હેરાન થઈ ગયા હતા. એ વખતે દેશમાં કંપનીઓ પર વધતા દેવા અને નીતિગત પડકારો વગેરે હતા જે હવેસુધમ થયા છે. વર્લ્ડ બેન્કના મતે અમેરિકામાં વ્યાજ વધવાની પણ ભારતમાં ખાનગી રોકાણના રૂખ પર નકારાત્મક અસર પડી શકેછે. વિશ્વ બેન્કે કહ્યું કે ભારતને પોતાનો રોજગાર દર યથાવત રાખવા માટે વાર્ષિક ૮ ૧ લાખ રોજગારી ઉભી કરવાની જરૂર છે. રિપોર્ટના મતે દર મહિને ૧ ૩ લાખ નવા લોકો કામકાજ કરવાની ઉંમરમાં પ્રવેશ કરે છે.

જ્યાં સિક્યુરીટીની સુવિધા છે તેવા

જાફરાબાદ નર્મદા કોલોનીમાં બે મકાનોને નિશાન બનાવતા તસ્કરો

તીજોરીમાં રાખેલ દાગીના, રોકડ, વિદેશી ચલણ મળી રૂા.૭,૨૫,૭૧૮ની ચોરીની ફરિયાદ

રાજુલા, (જયદેવ વરૂ)

શિયાળાની તુમાં કડકડતી ઠંડીનાકારણેદરવર્ષતસ્કરટોળકીઓવધુ સક્રિય ચોરીઓ કરી ગુન્હાનો અંજામ આપતા હોય છે અમરેલી જિલ્લામાં શિયાળામાં તસ્કરો વધુ સક્રિય થયા છે જાફરાબાદ શહેરમાં આવેલ નર્મદા સિમેન્ટ કંપનીની કોલોનીમાં ૨ રહેણાંક મકાનોમાં અજાણીયા ઈસમો પ્રવેશી ઘરકો ચોરીઓ કરવામાં આવી છે અજિતકુમાર ચોબેએ જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી છે કોલોનીમાં લલિત ગુપ્તા તથા વિકાસ વર્માના મકાનમાં દરવાજાના અલ્ટ્રક તોડી તિજોરીમાં રહેલા અલગ અલગ વીવિધ પ્રકારના સોના ચાંદી દાગીનાની કિંમત રૂ.૬,૩૨,૦૦૦ તથા રોકડા રૂ.૫૦૦૦ વિદેશી ચલણી નોટ કિંમત ૪૮,૭૧૮ કુલ મળી રૂ.૭,૨૫,૭૧૮ની અજાણીયા ઈસમો ચોરી કરી ફરાર થતા જાફરાબાદ પોલીસ સ્ટેશનમાં ઘરકોક ચોરીની ફરીયાદ નોંધાવવામાં આવતા હાલ પી.આઈ.જે.આર.ભાચકન તપાસ ચલાવી રહ્યા છે મોટી ચોરી હોવાને ડીવાયએસપી અશોક સિંહ ગોહિલ,લોકલ કાઈમ બ્રાન્ચ પી.આઈ.અલ્પેશ પટેલ,પીએસઆઈ સિધ્ધરાજ સિંહ ગોહિલ,ડોગ સ્કોડ સહિતએજન્સીઓદોડીવિવિધદિશામાં તપાસનોધમધમાટશરૂ કર્યોછે કંપનીના સીસીટીવી કેમેરા ચકાસણી કરવામાં આવી રહી છે ચોરીનું પગેરું શોધવા પોલીસએ કવાયત હાથ ધરી છે.

કંપનીના સિક્યુરિટી સામે સવાલો ઉઠ્યા

નર્મદા સિમેન્ટ કંપની કોલોની અને કંપનીમાં તરફ સિક્યુરિટી ગાર્ડ હોય છે ગેરકાયદેસર વ્યક્તિનો કોઈ પ્રવેશ મળતો નથી કંપની અને કોલોનીમાં પ્રવેશતા પહેલા સિક્યુરિટી કર્મચારીઓ ચકાસણી કરી એન્ટ્રી આપતા હોય છે ત્યારે ચોરીના સમયે સિક્યુરિટી કર્મચારીઓ કેમ અજાણ શુ ઊંઘતા હતા? તેવા અનેક સવાલો ઉઠી રહ્યા છે. હાલ પોલીસ સ્થાનિક સિક્યુટિની પણ પૂછ પરછ કરી તપાસ રહી છે.

જાફરાબાદનાં કેરાળા ગામે જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાઇ ગયાં

પોલીસે જુગારનાં પટ્ટમાંથી રૂા. ૩૧૧૦ કબ્જે કર્યા

અમરેલી,જાફરાબાદ તાલુકાનાં કેરાળા ગામેહરસિધ્ધી માતાજીનાં મંદિર પાછળ જાહેરમાંબતીનાં અંજવાળે જુગાર રમતા વશરામ પાંચાભાઈ બાંભણીયા, દિનેશ કાળુભાઈ સાંખટ, છગન ભીખાભાઈ મકવાણા, મુકેશ મોહનભાઈ મકવાણા, લખમણ અરજણભાઈ બાંભણીયાએ પો.કોન્સ.રાજુભાઈ ધાખડાએ રેઈડ દરમિયાન રોકડ રૂા.૩૧૧૦નાં મુદ્દામાલ સાથે ઝડપી પાડયાં હતાં.

બાબરાનાં ચરખા ગામે બાઇક ઝાડ સાથે અથડાઇ પડતા પ્રૌઢનું મોત : એકને ઇજા

હાઇવે રોડ ઉપર દરણુ દળાવવા માટે ગયેલ બાઇકચાલકનું મોત નિપજ્યું અને નાના ભાઇને ગંભીર પ્રકારની ઇજા પહોંચી

અમરેલી,

બાબરા તાલુકાનાંચરખા ગામે આંબલીધાર હાઈવે રોડ ઉપર રાહુલભાઈ હેમતાભાઈ ચૌહાણનાં પિતાજી હેમતાભાઈ તથા કાકા સુરેશભાઈ દરણુ દળાવા માટે ગયેલ હોય અને હેમતાભાઈ પોતાના હવાલાવાળુ બજાજ વીસ્કવર જીજે ૧૯પી૬૩૫૧ પુર ઝડપે અને બેફીકરાઈથી ચલાવીનેઝાડ સાથેભટકાવી અકસ્માત કરી સુરેશભાઈને ગંભીર ઈજા પહોંચાડીહેમતાભાઈએપોતેપોતાનું મોત નિપજાવી ગુનો કર્યાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવીછે.

દલખાણીયા અને ધારીની વચ્ચે ફોરવ્હીલે બાઇકને હડફેટે લેતા દંપતિ ખંડીત બન્યું

પત્નિને માથામાં ગંભીર ઇજા થતા મોત : પતિને ગંભીર ઇજા કરી નાસી ગયાની ફરિયાદ

અમરેલી,

ધારી તાલુકાનાં દલખાણીયા ગામથીઆગળધારીતરફરોડકાપેલધાર પાસે રસીકભાઈ ભાયાભાઈ કુંભાણી રહે.દલખાણીયાવાળાનાં કાકા દિલીપભાઈ વસરામભાઈ કુંભાણી તથા તેમના પત્નિ પ્રભાબેન પોતાના ઘરેથી બાઈક જીજેપ એકએસ ૨૨૯૮ લઈને દલખાણીયાથીઆગળ ધારીતરફ કાપેલ ધાર પાસે પહોંચતા પાછળથી મહેન્દ્રા સુપ્રોઝફોરવ્હીલજીજે૩પટી૩૨૧૫નાં ચાલકે બાઈકની સાઈડ કાપતા બાઈકનાં હેન્ડલ સાથ ભટકાતા બાઈક પરનો કાબુ ગુમાવતા બંને જણા રોડ ઉપર ફંગોળાઈ જતા દિલીપભાઈને શરીરે નાની મોટી ઈજાઓ તથા ખંભાના ભાગે ફ્રેક્ચર કરી તેમજ પ્રભાબેનને શરીરે નાની મોટી ઈજાઓ તથા માથામાં ગંભીર ઈજા કરી મોત નિપજાવી ફોરવ્હીલ લઈને નાસી ગયાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવીછે.

ખાંભાનાં નવી કાતર ગામે પરિણીતાને ત્રાસ અપાયો

ત્રાસ આપી માર મારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,

ખાંભા તાલુકાનાં નવ કાતર ગામે અસ્મિતાબેન દિલુભાઈ વહરા ઉ.વ.૨૭ને દિલુ રામકુભાઈ, દમુબેન રામકુભાઈ, રામકુ આપાભાઈ, નિરૂપાબેન રામકુભાઈ વહરાએ અસ્મિતાબેનને યેનકેન પ્રકારે શારિરીક અને માનસીક ત્રાસ આપી ઝગડા કરી શરીરે મુંઢમાર મારી મારી નાખવાની ધમકીઆપીએકબીજાએમદદગારીકરી ગુનો કર્યાની નાગેશ્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવીછે.

બાબરા-નિલવડા રોડ ઉપર અજાણ્યા વાહને સનેડાને હડફેટે લેતા બાબરાનાં યુવાનનું મોત

પાછળથી વાહન ભટકાવી માથામાં અને પગમાં ગંભીર ઇજા કરી મોત નિપજાવી નાસી ગયાની પોલીસ ફરિયાદ

અમરેલી,બાબરા-નિલવડા રોડ ઉપર ઈંટોના ભટ્ટા પાસે રાજેશભાઈ ગોબરભાઈ ગ્રાંભડીયા ઉ.વ.૩૦ ના મોટાભાઈ સુરેશભાઈ ગોબરભાઈ ગ્રાંભડીયા ઉ.વ.૩૫ પોતાનું સનેડો વાહનમાંકપાસમભરીનિલવડાથીબાબરા જતા હતા ત્યારે બાબરા નજીક ઈંટોના ભટ્ટા પાસે પહોંચતા કોઈ અજાણ્યા વાહનચાલકેપોતાનું વાહનપુરઝડપેઅને બેફીકરાઈથી માનવજીંદગીજોખમાયતે રીતે ચલાવી સનેડા પાછળ ભટકાવી સુરેશભાઈને માથામાં અને જમણા પગમાં ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી નાસી ગયાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવીછે.

અમરેલીમાં યુવાનને જ્ઞાતી પ્રત્યે હડધુત કરી હુમલો કર્યો

બે શખ્સોએ માર મારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,

અમરેલીમાં અશ્વીનભાઈ માણંદભાઈ ચાવડા ઉ.વ.૩૭ તેમજ લલીતભાઈ અરવિંદભાઈ ગોંડલીયા ઈંટોના ભટ્ટેઈંટોજોવા ગયેલ તેદરમિયાન મહેશ રવજીભાઈ ગોંડલીયા હાજર હોય અને સુરેશ રવજીભાઈ ગોંડલીયાને બોલાવતા અશ્વિનભાઈને જ્ઞાતી પ્રત્યે હડધુત કરી સુરેશે બથમબથ્થી કરી છાતીમાં ઘુસ્તો મારી મહેશે પેટમાં પાટુ મારી ધમકી આપ્યાની અમરેલી સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવીછે.

સુર્યપ્રતાપગઢથી ખાખરીયા જવાના રોડે ફોરવ્હીલે બાઇકને હડફેટે ચડાવતા યુવાનનું મોત નિપજ્યું

બાઇક સાથે ભટકાવી પછાડી દઇ માથામાં ગંભીર ઇજા પહોંચાડી મોત નિપજાવી નાસી ગયાની પોલીસમાં ફરિયાદ

અમરેલી,

વડીયાનાં સુર્યપ્રતાપગઢથી ખાખરીયા જવાના રોડ ઉપર આવેલ અરવિંદભાઈ વૈષ્ણવની વાડી સામે સુરમનભાઈ ભાયાભાઈ બારેલા મુળ એમ.પી.હાલ સુર્યપ્રતાપગઢ જર્યતિભાઈ મકનભાઈ વૈષ્ણવની વાડીમાં સીડી ડીલકસ એમપી૪૬ ઝેડ ડી ૩૮૧૭ નું લઈ સુરમનભાઈ અનીડા ગામે ઘઉ દળાવવા માટે ગયેલ હોય અને ત્યાંથી બાઈક લઈ પરત આવતા હતા ત્યારે સુર્યપ્રતાપગઢ ગામથી ખાખરીયા જવાના રસ્તે રોડ ઉપર અરવિંદભાઈ વૈષ્ણવની વાડી સામે નાળા પાસે પહોંચતા કોઈ અજાણ્યા ફોરવ્હીલનાં ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી બાઈક પાછળ ભટકાવી પછાડી દેતા શરીરે નાની મોટી ઈજાઓ કરી માથામાં ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવી નાસી ગયાની નાનાદીબેન સુરમનભાઈ બારેલાએ વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જિલ્લામાં જુદા-જુદા ૨૫ સ્થળોએ દેશી દારૂનાં દરોડા

જિલ્લામાં પાંચ વાહન ચાલકો સહિત ૪૬ નશેડીઓ ઝડપાયાં

અમરેલી,

અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા ૨૫ સ્થળોએ દેશી દારૂનાં દરોડાઓ પાડી પાંચ મહિલાઓ સહિત ૨૩ શખ્સોને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યાં હતાં. જેમાં જાફરાબાદ, બગસરા, લાઠી, દામનગર, વડીયા, વંડા, અમરેલી રૂરલ, લીલીયા, ધારી, સાવરકુંડલા, રાજુલા, બાબરા, સાવરકુંડલા રૂરલ, અમરેલી સીટી પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જ્યારે અમરેલી જિલ્લામાં પાંચ વાહન ચાલકો સહિત ૪૬ શખ્સોને નશો કરી રાજાપાઠમાં નિકળતા પોલીસે ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરીહતી. જેમાં અમરેલી સીટી, સાવરકુંડલા રૂરલ, બાબરા, ખાંભા, રાજુલા, સાવરકુંડલા, ધારી, ડુંગર, જાફરાબાદ મરીન, અમરેલી રૂરલ, વડીયા, દામનગર, નાગેશ્રી, ચલાલા, બગસરા, જાફરાબાદ ટાઉન પોલીસદ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

આજનું પંચાગ

તા.૧૭.૧૨.૨૦૨૪, મંગળવાર ,સંવંત ૨૦૮૧, માગશર વદ બીજ, પુનર્વસુ નક્ષત્ર , બ્રહ્મ યોગ, વણિજ કરણ , આજે સાંજે ૬.૪૭ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) ત્યારબાદ કર્ક (ડ,હ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે,દિવસ પ્રગતિકારક રહે.

વૃષભ (બ,વ,ઉ) નવા કાર્યમાં આગળ વધી શકો , સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક મળે.

મિથુન (ક,છ,ઘ) : ભાગીદારી માં કાળજી રાખવી પડે , આર્થિક બાબતોમાં મધ્યમ રહે,અન્ય બાબતો માં સારું રહે.

કર્ક (ડ,હ) : તમારા ખુદ માટે સમય કાઢી શકો, તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

સિંહ (મ,ટ) કેટલાક એવા બનાવ બને કે દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા અને ઉશ્કેરાટ રહે,સાંજ ખુશનુમા વીતે.

કન્યા (પ ,ઠ ,ણ) : ગણતરી વિનાના સાહસ ના કરવા સલાહ છે આવક કરતા જાવક વધી ના જાય તે જોવું,હિસાબ રાખવો.

તુલા (ર,ત) અગાઉ ના સમયમાં તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો, કર્મના ને સમજી શકો , શુભ દિન.

વૃશ્ચિક (ન ,ય) : ઈષ્ટદેવની આરાધના થી લાભ થાય, ધ્યાન યોગ મૌન થી લાભ થાય,આધ્યાત્મિક ચિંતન થાય.

ધન (ધ,ભ,ફ,ઢ) : દિવસ દરમિયાન દોડધામ રહે , સાંજ પછી નસીબ સાથ આપતું જણાય,અંગત મિત્રો સાથે મતભેદ દૂર કરી શકો.

મકર (ખ,જ) : જાહેરજીવનમાં ધ્યાન આપી આંતરિક સંબંધોમાં સારું રહે,મનની વાત વ્યક્ત કરી શકો.

કુંભ (ગ ,શ,ષ) :હિત શત્રુઓ થી સાવધ રહેવું,વધુ પડતા વિશ્વાસે ના ચાલવું, વ્યક્તિગત દેખરેખ થી કામ કરવું.

મીન (દ,ચ,ઝ,થ): પ્રણય માર્ગે આગળ વધી શકો,ગમતી વ્યક્તિ થી વાતચીત થાય, મનની વાત વ્યક્ત કરી શકો.

કોર્ટમેરેજ કરી દોઢેક મહિના પહેલા છુટાછેડાનું મનદુઃખ રાખી

દામનગરમાં પિતા-પુત્ર ઉપર હુમલો

બેમહિલા સહિત ચારે માર મારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,મુળ દામનગર હાલ સરકારી પીપળવા રહેતા સુરેશભાઈ વિનુભાઈ બેદરીયા ઉ.વ.૨૨ ને નવકેમહિનાપહેલા દામનગરનાં પ્રવિણ મકવાણાની દિકરી શ્રધ્ધાબેન સાથે કોર્ટ મેરેજ કરેલહોયઅને દોઢેક મહિના પહેલા છુટ્ટા છેડા લીધેલ હોય જે વાતનું મનદુઃખ રાખી જતીન પ્રવિણભાઈ, મયુરપ્રવિણભાઈ મકવાણાએ પોતાનું બાઈક લઈ સુરેશભાઈનાંઘરેસરકારીપીપળવાગામે જઈકહેલકે, અમારીબહેનશ્રધ્ધામારા ઘરે આવી છે. જેથી પિતા-પુત્રએ અહીં આવેલ નહીંહોવાનું કહેતા બંનેએપિતા-પુત્રને દામનગર પોલીસ સ્ટેશન જવાનું છે જેથી તમો અમારી સાથે ચાલો તેમ કહેતા સુરેશભાઈ અને તેના પિતા દામનગર આવતા દામનગર મેઈન બજારમાં નદુભાઈનાઓફિસપાસેજતા ત્યાં જતીન અને મયુરની બહેન શ્રધ્ધાબહેન સુરેશભાઈની બાઈક ઉપર બેસવા આવતા જતીને ઉશ્કેરાઈ સુરેશભાઈને ઢીકાપાટુ વડે મોઢા અને કપાળ ઉપર મારી મારી પાઈપ વડે ડાબા હાથની આંગળીમાં ઈજા કરી પિતા વિનુભાઈને વાસાના ભાગે અને મોઢાના ભાગેલાકામારીવાસામાંપાઈપનાંબેત્રણ ઘા મારી મયુરે આડેઘડ સુરેશભાઈને ઢીકાપાટુનો માર મારી સેજલબેન જતીનભાઈ, માયાબેન મયુરભાઈ મકવાણાએ સાવરણાથી આડેઘડ માર મારી જતીન અને પ્રવિણે જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની દામનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

અમરેલીમાં પ્રૌઢ ઉપર હુમલો

અમરેલી,અમરેલી સાવરકુંડલા રોડ નુરી ગેરેજની પાછળ ઈંટોનાં ભટ્ટામાં મહેશભાઈ રવજીભાઈ ગોંડલીયા ઉ.વ.૪૪ ને અરવિંદ રવજીભાઈ ગોંડલીયાએતુમનેઈંટોનોભટ્ટામાંસરખો ભાગ દેતો નથી તેનું મનદુઃખ રાખી અરવિંદ રવજીભાઈ, દયાબેન અરવિંદભાઈ, ધરતીબેન અરવિંદભાઈ, નેહાબેન અરવિંદભાઈ ગોંડલીયાએ લકડીઅનેઢીકાપાટુ વડે માર મારીજાનથી મારી નાખવાનીધમકીઆપીએકબીજાએ મદદગારીકરી ગુનોકર્યાનીઅમરેલીસીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવીછે.

ખાંભામાં યુવાન ઉપર હુમલો

અમરેલી,ખાંભામાં વિજય ટ્રેડીંગ નામની દુકાને સલીમ દાઢદભાઈ સોલંકી બાકીમાં ટાયર લેવા માટેઆવેલહોયઅનેમનોજભાઈ ભગવાનભાઈ પીપલીયાનાં ભાઈ અને બાપુએઉધારટાયરઆપવાનીનાપાડતાસારૂ નહીં લાગતા ભાઈ અને બાપુને ગાળો બોલી માર મારેલ તેમજ પાછળથી મનોજભાઈ આવી જતા સલીમે તેની સાથે માથાકુટ કરી ગાળો બોલી સુલ્તાન દાઢદભાઈ સોલંકીએ શરીરેઆડેઘડ ઢીકાપાટુનોમુંઢમાર મારીબંને આરોપીઓએ પિતાપુત્રોને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

કપાસ ૯૩૦ થી ૧૪૫૭ મગફળી ૮૨૫ થી ૧૨૫૦

અમરેલી માર્કેટ યાર્ડ

શિંગમઠડી-૮૦૦-૧૦૮૦	શિંગમોટી-૮૨૫-૧૨૫૦
શીંગફડા-૧૦૦૦-૧૦૦૫	તલસફેદ-૧૦૨૦-૨૬૧૨
તલકાળા-૩૬૦૦-૪૮૦૦	જુવાર-૪૮૨-૮૭૦
ઘઉંટુકડા-૫૦૦-૬૨૩	ઘઉંલોકવન-૫૬૩-૬૦૪
ચણા-૮૫૦-૧૩૨૦	કપાસ-૯૩૦-૧૪૫૦
ધાણા-૧૧૭૦-૧૪૫૦	સોયાબીન-૬૫૦-૮૫૦
અડદ-૬૦૫-૧૪૮૩	અરેડા-૧૦૦૦-૧૨૦૨
મરચાલાંબા-૫૮૦-૨૬૧૦	જીરૂ-૪૦૫૦-૪૩૯૫

અમરેલી માર્કેટયાર્ડ

બટેટા-૪૮૦-૫૬૦	કોબીજ-૨૧૦-૩૧૦
રીંગણા-૪૦૦-૫૦૦	ટમેટાં-૪૫૦-૫૦૦
ગુવાર-૬૨૦-૧૨૫૦	સુરણ-૮૪૦-૧૨૪૦
ફોદીનો-૨૧૦-૫૦૦	કોથમીર-૪૦૦-૬૦૦
ગાજર-૫૦૦-૬૦૦	મેથીભાજી-૩૦૦-૪૦૦
ગલકા-૫૦૦-૬૦૦	ટીંડોરા-૬૦૦-૮૦૦
કાકડી-૩૨૦-૬૦૦	ભીંડાકોમીકો-૩૧૦-૩૩૦
ગુવાર-૬૨૦-૧૨૪૦	મરચાલીલા-૬૦૦-૬૦૦
દુધી-૨૦૦-૩૦૦	મુળા-૩૦૦-૪૦૦
તુરીયા-૮૦૦-૧૦૦૦	ભીંડુ-૪૨૦-૫૮૦
ભીંડો-૫૦૦-૬૦૦	પાલક-૩૨૦-૫૦૦
આદુ-૭૪૦-૮૬૦	

રાજુલાયાર્ડ

બાજરો-૫૪૦-૫૬૦	કપાસ-૧૩૨૫-૧૪૫૬
સોયાબીન-૭૫૦-૭૭૧	ઘઉં-૫૩૦-૫૬૨
ઘઉં-૫૩૦-૫૬૨	જુવાર-૪૪૫-૭૭૧
જુવાર-૪૪૫-૭૭૧	કપાસ-૧૩૨૫-૧૪૪૫
કપાસ-૧૩૨૫-૧૪૪૫	તલસફેદ-૧૭૦૦-૨૫૦૦
તલસફેદ-૧૭૦૦-૨૫૦૦	અડદ-૧૫૦૦-૧૫૦૦
અડદ-૧૫૦૦-૧૫૦૦	મગ-૧૬૫૧-૧૬૬૬
મગ-૧૬૫૧-૧૬૬૬	શીંગ-૬૦૦-૧૧૭૦
શીંગ-૬૦૦-૧૧૭૦	ચણા-૧૦૫૦-૧૨૫૦

મહુવાયાર્ડ

ઘઉં-૫૪૮-૬૬૧	ડુંગળીલાલ-૧૫૦-૭૭૧
તલસફેદ-૧૫૦૦-૨૪૦૦	તલસફેદ-૧૫૦૦-૨૪૦૦
અડદ-૧૦૦૦-૧૬૫૦	અડદ-૧૦૦૦-૧૬૫૦
સોયાબીન-૭૮૦-૮૦૬	સોયાબીન-૭૮૦-૮૦૬
ડુંગળીસફેદ-૨૧૫-૫૪૨	ડુંગળીસફેદ-૨૧૫-૫૪૨
તુવેર--	તુવેર--
બાજરી-૪૩૧-૬૪૦	બાજરી-૪૩૧-૬૪૦
જુવાર-૩૭૧-૬૧૬	જુવાર-૩૭૧-૬૧૬
નાળીયેર-૨૭૦-૨૭૨૪	નાળીયેર-૨૭૦-૨૭૨૪

બાબરા યાર્ડ

કપાસ-૧૪૦૦-૧૪૬૫	ઘઉં-૫૧૧-૬૩૬
મગફળી-૬૧૨-૧૦૫૮	ચણા-૧૧૬૫-૧૨૪૫
તલસફેદ-૧૬૮૦-૨૨૫૦	જુવાર-૪૦૩૦-૪૪૨૦
સોયાબીન-૭૭૬-૮૦૭	સોયાબીન-૬૫૬-૭૬૮
કપાસકોડી--	ઘઉં-૫૫૦-૫૬૫
ધારી માર્કેટયાર્ડ	ચણા-૬૦૪-૧૨૪૦
કપાસ-૧૩૬૬-૧૪૭૬	અમરેલીફ્રુટમાર્કેટભાવ
ચણા-૧૧૫૫-૧૨૦૦	થીકુ-૮૦૦-૧૨૦૦
મગફળી-૭૬૧-૧૦૨૫	દાડમ-૮૦૦-૧૪૦૦
એરંડા--	મુસંબી-૫૦૦-૧૦૦૦
ઘઉં-૫૮૦-૫૮૦	સંતરા-૫૦૦-૭૦૦
સોયાબીન-૬૦૦-૭૭૭	કીવી-૪૦૦૦-૫૦૦૦
સાવરકુંડલા માર્કેટયાર્ડ	ડ્રેગન ફ્રુટ-૧૨૦૦-૩૦૦૦
શીંગજુણી-૬૭૧-૧૦૫૧	અનાનસ-૧૦૦૦

રાજુલા તાલુકાનાં કાગધામ મજાદર ગામનાં સોનલ શક્તિ યુવા ગ્રુપ દ્વારા

પરમ પૂજ્ય સોનલમાં ના ૧૦૧ માં જન્મદિવસે ભવ્ય મહોત્સવ ઉજવાશે

૩૦-૧૨ સોમવાર દિવસ દરમિયાન માતાજીની ભવ્ય શોભાયાત્રા તથા પ્રાગટ્ય ઉત્સવ અને રાત્રીના ભવ્ય લોકડાયરો : સંતો,મહંતો, રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતિ

રાજુલા, (કનુભાઈ વડ્ર)

સમગ્ર સૌરાષ્ટ્રમાં અને સોનલમાના ઉપાસકોપરમપૂજ્યસોનલ માતાજીનો ઉત્સવ ઉજવશે જેમાં તારીખ ૩૦-૧૨ ના રોજ સવારે ૮ કલાકેમાં મજાદર ખાતે સોનલ મા ની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રામાં આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકો વિશાળ સંખ્યામાં જોડાશે અને બપોરના ૧૨:૦૦ કલાકે મહાપ્રસાદ નું ચાર કલાકે દીપ પ્રાગટ્ય રાખવામાં આવશે. આ પ્રસંગે જાગતી જ્યોત એવા આઈમાં શ્રી મનુમા નાગલ ચીરોડા તથા આઈ શ્રી મીણભાઈ માં ભાદરકાનેસ, આઈમાશ્રી અનુમા ગુંદરણ, સંત શ્રી કાળુ ભગત પીપાવાવધામતથાસંતશ્રીયોગેશજીબાપુ ઠવી વિરડીના સાનિધ્યમાં રાત્રિના ભવ્ય લોકડાયરોયોજાશે. જેમાસ્વ.ઈશ્વરદાન ગઢવીના પુત્ર અને વિખ્યાત કલાકારશ્રી જીજરાજદાન ગઢવી પૂજ્ય મનુમાની ઉપસ્થિતિમાં મજાદર પધારશે, શ્રી સોજીતાબેન ચારણ લોકગાયકા દ્વારકા તથા શ્રી જીવુદાન ગઢવી તથા છપાકડા અને ભેળીયાથી મુગ્ધ કરે તેવા ઉત્સાહી અને જેમની જીભે સરસ્વતી બિરાજતા હોય તેવા નાગલનેસનાં કલાકાર શ્રી બાવકુદાન ગઢવી મજાદરમાં ડાયરાની રમઝટ બોલાવશે.આ કાર્યક્રમમાં પ્રાસંગીક પ્રવચન શ્રી નનકુભાઈ ગઢવી કરશેઅને મુખ્ય મહેમાનપદે શ્રી ગિરીશ આપા મઢડા તથા આઈપીએસ શ્રી જયવીર ગઢવી ઘારી, ચારણ બોર્ડિંગ પ્રમુખશ્રીપ્રવીણભાઈ ગઢવીભાવનગર, શ્રી અજીતભાઈ ગઢવી ટીવી ચેનલ ભાવનગર તથા ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી, કાતર દરબાર શ્રી દાદભાઈ વડ્ર તથા શ્રી દદુભાઈ વાઘ, પૂર્વ ધારાસભ્ય શ્રી અંબરીષ રેડ, પત્રકાર શ્રી કનુભાઈ વરુ, પૂર્વ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી મીઠાભાઈ લાખણોત્રા, શ્રી અનકભાઈ વાળા સોલંકી કેબલ, શ્રી લાલાભાઈ ઉર્ફે આતા રામપરા, શ્રી સાગરભાઈ ડાભીયા, શ્રી અશ્વિનભાઈ વડ, શ્રી રમેશ ગઢવી વડ, શ્રી જયરાજભાઈ રૂપાવટી, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ શ્રી જેનીબેન ઠુંમર તથા માજી ધારાસભ્ય શ્રી પ્રતાપભાઈ દુધાત સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ સમગ્ર કાર્યક્રમનો લાભ લેવા માં સોનલ સેવા શક્તિ યુવા ગ્રુપમજાદર દ્વારા પૂજ્ય સોનલ માના સર્વ સેવક ગણને જાહેર આમંત્રણ, નિમંત્રણ પાઠવ્યા છે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર દ્વારા

લોકસાહિત્યકાર શ્રી મેરાણ ગઢવીની ગુજરાત ગૌરવ એવોર્ડ માટે પસંદગી થતા હરખની હેલી

ગુજરાત સંગીત અકાદમી ગૌરવ લોક કલ્યાણ એવોર્ડ અપાશે

